

» જર્મનીના મ્યુનિક શહેરમાં જાણીતા બિયર ઉત્સવ ઓક્ટોબરફેસ્ટનો આરંભ થઇ ગયો છે. વિશ્વના સૌથી મોટા બિયર ઉત્સવની આ 191મી આવૃત્તિ છે. હજારો ઉત્સવપ્રેમીઓ મહિલાઓ અને પુરુષો પરંપરાગત પોશાકમાં - સવારે બેન્ચ પર સારી જગ્યા મેળવવા માટે મ્યુનિકના થેરેસિયનવિઝ ઉત્સવ મેદાન ખાતે આવેલા બીયર ટેન્ટ્સમાં પહોંચી ગયા હતા. બીયર ઉપરાંત પ્રેત્ઝેલ, પોર્ક રોસ્ટ અને સોસેજ પણ માંગમાં રહેલી વાનગીઓ છે. 4 ઓક્ટોબર સુધી ચાલનારા 16 દિવસના આ ઉત્સવ દરમિયાન, ઓક્ટોબરફેસ્ટમાં લગભગ 60 લાખ મુલાકાતીઓ આવવાની ધારણા છે. મુલાકાતીઓ પાસેથી 1-લિટર બીયર માટે રૂ.14.80 થી રૂ.15.90 યુરો વચ્ચે ચાર્જ લેવામાં આવશે. જર્મન ન્યૂઝ આઉટલેટ DW અનુસાર, ગયા વર્ષની સરખામણીમાં બીયરની સરેરાશ કિંમતમાં 2.38%નો વધારો થયો છે. મોટાભાગના ઉત્સવપ્રેમીઓ મ્યુનિક અને દક્ષિણ જર્મનીમાંથી આવે છે. જોકે, હજારો મહેમાનો જર્મનીના અન્ય ભાગોમાંથી અને વિશ્વભરમાંથી પણ મુસાફરી કરીને આવે છે.

# જે સાપ કરડ્યો તે લઈને યુપીની હોસ્પિટલમાં પહોંચ્યો દર્દી

**બરણી** ખોલતા જીવંત સાપ ICUમાં ભાગી છૂટતાં અફરાતફરી મચી ગઈ

ફિરોઝાબાદ (યુપી), તા. 19 (PTI): ફિરોઝાબાદ જિલ્લા હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં તે સમયે અફરાતફરી મચી ગઈ જ્યારે સાપ કરડવાથી પીડિત વ્યક્તિ દ્વારા પ્લાસ્ટિકની બરણીમાં લાવવામાં આવેલો એક જીવંત સાપ વોર્ડની અંદર ભાગી છૂટ્યો.અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ઘટના ગુરુવાર રાત્રે બની હતી, જ્યારે નારખી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના જરોલી કલાં ગામના એક મદારીને સાપ કરડ્યા બાદ આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. ડોક્ટરો અને સ્ટાફે તેને બરણી ન ખોલવાની ચેતવણી આપી હોવા છતાં તે વ્યક્તિએ કથિત રીતે વાત ન માની, જેના કારણે સાપ સરકીને વોર્ડમાં ચાલ્યો ગયો.

ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. નવીન જૈને જણાવ્યું હતું કે, આ ઘટના પછી તરત જ આઈસીયુ ખાલી કરાવવામાં આવ્યો હતો. દર્દીઓને બીજા વોર્ડમાં લઈ જવામાં આવ્યા હતા અને હોસ્પિટલના સ્ટાફે લગભગ ચાર કલાક સુધી પરિસરમાં સાપની શોધખોળ કરી હતી.હોસ્પિટલે વન વિભાગ અને સાપ પકડનાર ટીમને જાણ કરી હતી, જેઓ સ્થળ પર પહોંચીને ટ્રોમા સેન્ટરના વિવિધ ભાગોમાં તપાસ કરી હતી.

જોકે, સાપ મળી આવ્યો ન હતો.આ અફરાતફરી વચ્ચે મદારી કથિત રીતે સ્ટાફને જાણ કર્યા વગર જ હોસ્પિટલમાંથી ફરાર થઈ ગયો હતો.

જૈને જણાવ્યું કે, શનિવાર સુધી સાપ પકડાયો ન હોવાથી આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

# જિનપિંગ બુધવારે અમેરિકા જશે: સ્વાગત માટે ટ્રમ્પ પોતે હાજર રહેશે

**એક** દાયકા કરતા વધુ સમય પછી કોઇ ચીની પ્રમુખની અમેરિકાની આ પ્રથમ સત્તાવાર મુલાકાત હશે

વોશિંગ્ટન, ૧૯ સપ્ટેમ્બર (AP): એક દાયકા કરતાં વધુ સમય પછી ચીનના કોઇ નેતાની પ્રથમ સત્તાવાર મુલાકાત આવતા સપ્તાહે યોજાવા જઈ રહી છે, જ્યારે પ્રમુખ શી જિનપિંગ વ્હાઈટ હાઉસ ખાતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો અને બેઠકો માટે વોશિંગ્ટન પહોંચશે.

જ્યારે બુધવારે વોશિંગ્ટનની બહાર આવેલા જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ ખાતે શીનું વિમાન લેન્ડ થશે, ત્યારે ટ્રમ્પ આ મુલાકાત માટે તેમનું સ્વાગત કરવા ત્યાં હાજર રહેશે, તેમ વરિષ્ઠ વહીવટી અધિકારીઓએ પત્રકારોને જણાવ્યું હતું. આ બાબત અસામાન્ય છે – કારણ કે ટ્રમ્પ સામાન્ય રીતે વિદેશી નેતાઓને વ્હાઈટ હાઉસ ખાતે જ મળે છે.

આ મુલાકાતનો મુખ્ય ભાગ ગુરુવારે આવશે જ્યારે ટ્રમ્પ અને પ્રથમ મહિલા મેલાનિયા ટ્રમ્પ વ્હાઈટ હાઉસના સ્ટેટ ફ્લોર પર એક ઈન્ડોર સ્વાગત સમારોહમાં શી અને તેમના પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કરશે. પોતાની વાતચીત માટે બંધ બારણે જતા પહેલા ટ્રમ્પ અને શી 'રોઝ ગાર્ડન' ખાતે સૈન્ય પરેડનું નિરીક્ષણ પણ કરશે. બંને દેશના નેતાઓ ચર્ચા-વિચારણામાં વ્યસ્ત હશે ત્યારે પ્રથમ મહિલા મેલાનિયા અને પેંગ લિયુઆન અલગ કાર્યક્રમમાં હાજરી આપશે. શુક્રવારે શીની મુલાકાત અંગે માહિતી આપવા પત્રકારો સાથે યોજાયેલા કોલ દરમિયાન અધિકારીઓએ આ અંગે વધુ વિગતો જાહેર કરી ન હતી. ગુરુવારે જ્યારે ટ્રમ્પ અને પ્રથમ મહિલા ઈસ્ટ રૂમમાં ચીની પ્રતિનિધિમંડળ માટે સત્તાવાર ડિનર યોજશે ત્યારે શી અને તેમના પત્ની મુખ્ય અતિથિ બનશે. ટ્રમ્પે આ ડિનરને એક એવો કાર્યક્રમ ગણાવ્યો હતો જેમાં દરેક વ્યક્તિ હાજરી આપવા માંગે છે. આ પ્રસંગે બંને નેતાઓ પોતાનું વક્તવ્ય આપશે.

# ટ્રમ્પ-શી ડિનરમાં મસ્ક, પિચાઈ અને કૂક

**સ્ટેટ** ડિનરમાં એઆઈ, સેમિકન્ડક્ટર્સ અને કન્ઝ્યુમર ટેક્નોલોજીના કેટલાક મોટા નામોને આમંત્રિત કરાયા

વૉશિંગ્ટન, તા. 19: ચાઈનીઝ રાષ્ટ્રપતિ શી જિનપિંગ માટેના વ્હાઈટ હાઉસ સ્ટેટ ડિનરમાં ઈલોન મસ્ક, સુંદર પિચાઈ, સેમ ઓલ્ટમન અને અનેક અગ્રણી ટેક્નોલોજી એક્ઝિક્યુટિવ્સને આમંત્રિત કરવામાં આવ્યા છે. શી જિનપિંગની વૉશિંગ્ટનની મુલાકાત દરમિયાન એઆઈ, સેમિકન્ડક્ટર્સ અને કન્ઝ્યુમર ટેક્નોલોજીના કેટલાક મોટા નામો એક જ રૂમમાં હાજર થશે.

યુએસ પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ 24 સપ્ટેમ્બરે વ્હાઈટ હાઉસના ઈસ્ટ રૂમમાં શી અને તેમની પત્ની પેંગ લિયુઆન માટે ડિનરનું આયોજન કરશે.

યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મહેમાનોની યાદીમાં એમેઝોન સ્થાપક જેફ બેઝોસ, આલ્ફાબેટ સીઈઓ સુંદર પિચાઈ, ઓપનએઆઈ સીઈઓ સેમ ઓલ્ટમન, એપલ સીઈઓ ટિમ કૂક, ટેસ્લા સીઈઓ ઈલોન મસ્ક, એનવીડિયા સીઈઓ જેન્સન હુઆંગ અને ડેલ ટેક્નોલોજીસના સ્થાપક માઈકલ ડેલ સામેલ છે.

નાણાકીય ક્ષેત્રના એક્ઝિક્યુટિવ્સ પણ ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે. ટ્રમ્પ અને શી બંને ડિનરની શરૂઆતમાં વક્તવ્ય આપશે.

યુએસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ અને શી વચ્ચેની વાતચીતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સામેલ રહેવાની અપેક્ષા છે ત્યારે આ ટેક્નોલોજી લિડર્સની ઉપસ્થિતિ મહત્ત્વની છે. વૈશ્વિક અર્થતંત્રમાં વેપાર અને ચાઈનીઝ દુર્લભ-પૃથ્વી ખનિજોનો પ્રવાહ પણ એજન્ડા પર છે.

ડિનરમાં પ્રતિનિધિત્વ કરતી કંપનીઓમાં એઆઈ મૉડલ્સ, અદ્યતન ચિપ્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનો અને ઈ-કૉમર્સનો સમાવેશ થાય છે, જે વૉશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચેના ટેક્નોલોજી પ્રતિબંધો અને વેપારી તણાવથી પ્રભાવિત ક્ષેત્રો છે.




## દીપિકા-રણવીરના ઘરે ફરી નાનકડી પરીનું આગમન



મુંબઈ, તા. 19: દીપિકા પાદુકોણ અને રણવીર સિંહના ઘરે તેના બીજા સંતાન તરીકે પુત્રીનો જન્મ થયો છે. આ યુગલે 19 સપ્ટેમ્બરના રોજ તેમની બીજી પુત્રીનું સ્વાગત કર્યું હતું અને શનિવારે આ સમાચાર પ્રશાસકો સાથે શેર કર્યા હતા. જેણે પહેલી વખતની જેમ જ જાહેરાતને ખૂબ જ સરળ અને મધુર રાખી હતી. આ સ્ટાર યુગલે આ વર્ષે એપ્રિલમાં તેમની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી.એક સંયુક્ત ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં તેમણે લખ્યું, "વેલકમ બેબી ગર્લ." જેમાં નજર ન લાગે તે માટેનો ઈમોજી ઉમેર્યો. આટલું જ પૂરતું હતું. ટૂંક સમયમાં જ કોમેન્ટ સેક્શન વર્ચ્યુઅલ સેલિબ્રેશન બની ગયું, જેમાં બોલિવૂડના સિતારાઓ અને મિત્રોએ નવા માતા-પિતાને પ્રેમ અને અભિનંદન પાઠવ્યા. સોનમ કપૂર, સારા અર્જુન, અનિલ કપૂર અને કૃતિ સેનન એવા લોકોમાં સામેલ હતા જેમણે અભિનંદન સંદેશાઓ પાઠવ્યા હતા. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની પહેલી દીકરીનો જન્મ પણ સપ્ટેમ્બરમાં થયો હતો. દીપિકા અને રણવીરની મોટી દીકરીનું નામ દુઆ પાદુકોણ સિંહ છે. દુઆનો જન્મ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ થયો હતો.

## આલિયા ભટ્ટ-રણબીર કપૂરે પુત્રી રાહા સાથે નવા બંગલામાં પ્રથમ વાર ગણેશ ચતુર્થી ઉજવી



મુંબઈ, તા. ૧૯: આ વર્ષનો એ સમય છે જ્યારે સેલિબ્રિટીઓ ગણેશ ચતુર્થી ઉજવવા માટે પોતાના ઘરની બહાર નીકળે છે. બોલિવૂડ સ્ટાર્સની તહેવાર ઉજવતી અનેક તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, ત્યારે આલિયા ભટ્ટ અને રણબીર કપૂર પણ આ યાદીમાં જોડાઈ ગયા છે. આ યુગલ, તેમની પુત્રી રાહા અને રણબીરના માતા નીતુ કપૂર સાથે વિસર્જન માટે બહાર નીકળતી વખતે તેમના નવા રિનોવેટ કરાયેલા 'કૃષ્ણ રાજ' બંગલાની બહાર જોવા મળ્યા હતા. એક નોંધપાત્ર વાત એ છે કે, આ યુગલે તેમના બંગલાના દરવાજા ખોલ્યા અને પાપારાઝીને તેમની ઉજવણી કેદ કરવાની મંજૂરી આપી. રાહા સહિતનો આ પરિવાર પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ હતો.

# ચીનમાં AI કન્ટેન્ટ માટે 'ફેસ-સેલિંગ'નું નવું બજાર ઉભું થયું

**લોકો** પોતાના ચહેરા 'લાઇસન્સ' પર આપીને લાખો રૂપિયા કમાયા



બૈજિંગ, તા. ૧૯: ચીનમાં એઆઇના ક્ષેત્રે એક નવો પ્રવાહ શરૂ થયો છે. એઆઇ હવે લોકોના ચહેરાઓને ડિજિટલ પ્રોપર્ટીમાં ફેરવી રહ્યું છે. લોકો એઆઇ કન્ટેન્ટ ક્રિએટર્સને પોતાના ચહેરાનો ઉપયોગ શોર્ટ ડ્રામાઓ, જાહેરાતો, ગેમ્સ તથા અન્ય ડિજિટલ સામગ્રી માટે ઉપયોગ કરવા દઈને થોડાક સો યુઆનથી માંડીને રૂ. ૧૪ લાખ જેટલી કમાણી કરી રહ્યા છે.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, ઉભરી રહેલું આ નવું બજાર લોકોને AI-જનરેટેડ કન્ટેન્ટમાં તેમના ચહેરાનો ઉપયોગ કેવી રીતે થાય છે તેના પર વધુ નિયંત્રણ આપી રહ્યું છે. ઉપયોગકર્તાઓ કિંમતો નક્કી કરી શકે છે, તેમનો ચહેરો/લાઈકનેસ કેટલા સમય સુધી વાપરી શકાશે તે નક્કી કરી શકે છે અને તેઓ જે પ્રકારના કન્ટેન્ટમાં દેખાવા નથી માગતા તેનો ઉલ્લેખ પણ કરી શકે છે. પરંતુ જેમ જેમ આ આવકનો નવો સ્ત્રોત વધી રહ્યો છે, તેમ તેમ સંમતિ, ગોપનીયતા અને એકવાર ડિજિટલ દુનિયામાં ચહેરો પ્રવેશ્યા પછી લોકો પાસે કેટલું નિયંત્રણ રહે છે તે અંગે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

ચીનમાં AI-જનરેટેડ કન્ટેન્ટનો ઉપયોગ વધવાની સાથે ચહેરાનું લાયસન્સ આપવાની આ પ્રથા વધુ લોકપ્રિય બની રહી છે. અહેવાલો અનુસાર, ખાનગી "ફેસ-સેલિંગ" સોદા, જે એક સમયે મોટાભાગે ફિલ્મ અને ટેલિવિઝન ઉદ્યોગના ચેટ જૂથોમાં ચર્ચાતા હતા, તે એપ્રિલથી વધુને વધુ સાર્વજનિક પ્લેટફોર્મ પર આવી ગયા છે.

આ પ્લેટફોર્મ્સ લોકોને તેમના ચહેરા/રૂપ માટે પ્રોફાઈલ બનાવવાની મંજૂરી આપે છે, જ્યારે કન્ટેન્ટ ક્રિએટર્સ તેમની જરૂરિયાતોને અનુરૂપ ચહેરાઓ શોધી શકે છે.

# વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે 3 જાણીતા ન્યૂઝ ગૃહોના પત્રકારોની એન્ટ્રી પર રોક લગાવી

**ત્રણ** મીડિયા ગૃહો CNN, MS NOW અને પોલિટિકોને ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પ્રતિબંધિત કર્યા

**આ** મીડિયા ગૃહોના પત્રકારો અમેરિકી પ્રમુખના આવાસે પત્રકાર પરિષદ વગેરેમાં ભાગ લઇ શકશે નહીં

**આ** સમાચાર સંસ્થાઓ ફેક ન્યૂઝ ફેલાવતી હોવાનો પ્રમુખ ટ્રમ્પનો આક્ષેપ

**વ્હાઇટ** હાઉસ પર ગયેલા MS NOWના પત્રકારોના એન્ટ્રી બેજ જપ્ત કરી લેવાયા

### ન્યૂયોર્ક ટાઇમ્સ અને 'વોલ સ્ટ્રીટ જર્નલ' પર માનહાનિના કેસ કર્યા છે

વર્ષ 2016થી જ ટ્રમ્પ CNNના સમાચારોને સતત 'ફેક ન્યૂઝ' કહેતા રહ્યા છે અને તેમના કાર્યકાળમાં પહેલાં પણ આ ચેનલના પત્રકારોના વ્હાઈટ હાઉસ પાસ રોકવામાં આવી ચૂક્યા છે. આ સિવાય તેમણે 'ન્યૂયોર્ક ટાઇમ્સ' અને 'વોલ સ્ટ્રીટ જર્નલ' જેવાં મોટાં અને પ્રતિષ્ઠિત અખબારો પર પણ પોતાની વિરુદ્ધ પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો અને તેમના પર માનહાનિના કેસ પણ દાખલ કર્યા. આ પહેલાં ટ્રમ્પે ફેબ્રુઆરી 2025માં આંતરરાષ્ટ્રીય સમાચાર સંસ્થા એસોસિએટેડ પ્રેસ(AP)ના પત્રકારો પર પણ આવી જ રોક લગાવી હતી. ત્યારે ટ્રમ્પે APના પત્રકારોને ઓવલ ઓફિસ, પોતાના વિમાન એરફોર્સ વન અને અન્ય કાર્યક્રમોમાં જવા પર રોક લગાવી દીધી હતી. આ કાર્યવાહી AP દ્વારા ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલવાના તેમના નિર્ણયનું સમર્થન ન કરવા બદલ કરવામાં આવી હતી. APએ આ મામલે કેસ દાખલ કર્યો હતો. આ મામલો હજુ પણ ચાલી રહ્યો છે.

વૉશિંગ્ટન, ન્યૂયોર્ક, તા. ૧૯: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ત્રણ અમેરિકી મીડિયા ગૃહો CNN, MS NOW અને પોલિટિકોને વ્હાઈટ હાઉસમાં પ્રતિબંધિત કરવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે કહ્યું કે આ સંસ્થાઓ સતત ફેક ન્યૂઝ ફેલાવી રહી છે. તેમણે ચેતવણી આપી કે ભવિષ્યમાં અન્ય મીડિયા સંસ્થાઓ સામે પણ આવી કાર્યવાહી થઈ શકે છે.

જે સમયે ટ્રમ્પ આ પ્રતિબંધની જાહેરાત કરી રહ્યા હતા, તે સમયે CNN, MS NOW અને પોલિટિકોના પત્રકારો વ્હાઈટ હાઉસ પ્રેસ વિસ્તારમાં હાજર હતા અને પોતાનું રિપોર્ટિંગ કરી રહ્યા હતા. પત્રકારોના સવાલનો જવાબ આપતાં ટ્રમ્પે કહ્યું કે ફેક ન્યૂઝ ફેલાવવા બદલ CNN, MS NOW અને પોલિટિકોને બેન કરવામાં આવ્યા છે. આ ત્રણેય સંસ્થાઓ ટ્રમ્પના નિર્ણયો પર સવાલો ઉઠાવતી રહી છે. CNN- 24 કલાક ચાલતી ટીવી ન્યૂઝ ચેનલ અને ડિજિટલ વેબસાઈટ છે. અમેરિકી રાજકારણના મોટા સમાચાર અને ફેક્ટ-ચેકિંગ કરે છે. ટ્રમ્પના નિવેદનો અને નીતિઓ પર સતત તીખા સવાલો ઉઠાવતી રહી છે. MS NOW એ કેબલ ટીવી ન્યૂઝ ચેનલ અને ડિજિટલ મીડિયા છે. પોલિટિકો એ મોટી ડિજિટલ ન્યૂઝ વેબસાઈટ અને રાજકીય અખબાર છે. વ્હાઈટ હાઉસ અને અમેરિકી સંસદના અંદરના સમાચારો અને નીતિઓનું રિપોર્ટિંગ કરે છે. ટ્રમ્પ પ્રશાસનના અંદરના નિર્ણયો, વિવાદો અને રણનીતિઓનું બારીક વિશ્લેષણ કરતું રહ્યું છે. આ બાન પછી એમએસ નાવની એક મહિલા પત્રકાર શનિવારે વ્હાઈટ હાઉસ ગઈ ત્યારે તેનો એન્ટ્રી બેજ કબજે કરી લેવાયો હતો અને તેને વ્હાઈટ હાઉસમાં પ્રવેશવા દેવાઈ ન હતી. તેના એક પ્રોડ્યુસરને જો કે અંદર દાખલ થવામાં સફળતા મળી હતી જ્યારે એક ફોટોગ્રાફરનો પણ બેજ કબજે કરી લેવાયો હતો.

મીડિયા સંસ્થાઓ સાથે ટ્રમ્પનો સંઘર્ષ જૂનો છે

# DUSUની ચૂંટણીમાં ABVPનો દબદબો: પ્રમુખ, મંત્રી, સહમંત્રીના પદો જાળવી રાખ્યા

**ઉપપ્રમુખની** ચૂંટણી આશ્ચર્યજનક રીતે એક અપક્ષ ઉમેદવારે જીતી લીધી, આ પદ હાલ NSUI પાસે હતું

**NSUIને** એક પણ પદ મળ્યું નહીં, જો કે તેના ઉમેદવારો નજીવા માર્જીનથી જ હાર્યા

**ડાબેરી** વિદ્યાર્થી સંગઠનોના ભૂંડા હાલ, નોટા કરતા પણ ઓછા મત મળ્યા!



નવી દિલ્હી, તા. ૧૯(PTI): દિલ્હી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયન (DUSU)ની ચૂંટણીમાં આરએસએસ સંલગ્ન ABVPએ દિલ્હી યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયન(DUSU)ની ચૂંટણીમાં પ્રમુખ, મંત્રી અને સહ-મંત્રીના પદો પર કબજો યથાવત રાખીને કોંગ્રેસનો ટેકો ધરાવતા એનએસયુઆઈને કારમો પરાજય આપ્યો છે.

તાજેતરના જેન-ઝી વિરોધ પ્રદર્શનો અને સત્ય નિકેતનની બિલ્ડિંગ હોનારતમાં દિલ્હી યુનિવર્સિટીના પાંચ વિદ્યાર્થીઓના મોતની પૃષ્ઠભૂમિમાં આ હાઈ-સ્ટેક ચૂંટણી જંગ ખેલાયો હતો. અપક્ષ ઉમેદવાર દીપાંશુ શોકીન, જેમણે શરૂઆતમાં એનએસયુઆઈની ટિકિટ પર નામાંકન ભર્યું હતું પરંતુ બાદમાં સંગઠન દ્વારા ટિકિટ આપવાનો ઈનકાર કરાયો હતો, તેમણે ઉપપ્રમુખના પદ પર ૧૩,૭૦૫ મતોની મોટી સરસાઈથી જીત મેળવીને સૌને ચોંકાવી દીધા હતા.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,41,590/-
18 KT 1,15,800/- 14 KT 90,020/-
+91 95109 70230
વડોદરા । મુંબઈ । અમદાવાદ । સુરત । વાપી । ભરૂચ । કોસંબા

'ગુજરાતમિત્ર'ને ૧૬૪ વર્ષમાં પ્રવેશ નિમિત્તે શુભકામના..



શ્રીમતી પ્રીતિ જીજ્ઞેશ જોશી
એડવોકેટ એન્ડ નોટરી (B.Com., LLM) સભ્યશ્રી, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત
મેમ્બર : ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ જ્યુરિસ્ટ
લાઇફ મેમ્બર : ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ એસોસિએશન
મેમ્બર : સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન
ફોન : 98251 14156, 98251 23535



દિવ્યમ જીજ્ઞેશ જોશી
(એડવોકેટ ગુજરાત હાઇકોર્ટ)

એનઆરઆઈ સાથેના લગ્નમાં ઉતાવળ અને બેદરકારી બની શકે છે મુશ્કેલીનું કારણ

વિદેશ જવાની ઘેલછામાં લગ્નમાં યોગ્ય તપાસ કરવાની ચૂક

ભારતમાંથી વિદેશ જઈને વસતા લોકોની સંખ્યા વધવાની સાથે બિન-નિવાસી ભારતીયો (NRI) સાથેના લગ્નોનું પ્રમાણ પણ વધ્યું છે. જોકે, આવી સગાઈ-લગ્નમાં ઉતાવળ અને પૂરતી ચકાસણીનો અભાવ લગ્નજીવનમાં ભંગાણ અને ગંભીર કાનૂની સમસ્યાઓ નોતરે છે. પૂરતી કાળજી, સાચી માહિતી અને યોગ્ય ચકાસણી વગર જોયેલા સપનાઓ લગ્ન ભંગાણ તરફ દોરી જાય છે. આથી, વિદેશી સંબંધ નક્કી કરતા પહેલાં પૂરેપૂરી અનુકૂળતા અને વિગતો ચકાસવી અત્યંત આવશ્યક છે.

* કાનૂની અને સામાજિક ગૂંચવણો: NRI લગ્નોમાં માત્ર ભારતીય કાયદા જ નહીં, પરંતુ વિદેશના કાનૂની નિયમો અને 'પ્રાઇવેટ ઇન્ટરનેશનલ લૉ' પણ લાગુ પડે છે.

* અજાણ્યા દેશમાં એકલતા: વિદેશ ગયા પછી મહિલાઓને ભાષા, સ્થાનિક કાયદા અને પોલીસ પ્રક્રિયાની જાણકારી ન હોવાથી મુશ્કેલી પડે છે.

તકેદારી રાખવામાં મુદ્દા

» ફોન દ્વારા કે ઈ મેઈલ દ્વારા લગ્ન સંબંધિત કોઈ વાત પાકી ન કરવી.
» લગ્ન માટે કોઈ બ્યુરો, એજન્ટ, દલાલ કે મધ્યસ્થી પર વિશ્વાસ મુકવો નહીં.
» કોઈ પણ કારણોસર બનાવટી દસ્તાવેજો બનાવવા તૈયાર થવું નહીં.
» ગ્રીન કાર્ડ મેળવી આપવાના વચનોથી ભોળવાઈ જઈ લગ્ન ન કરવા.
» બીજા દેશમાં જઈ લગ્ન કરવાનો પ્રસ્તાવ ન સ્વીકારવો.
» વિદેશમાં રહેતી વ્યકિતનું લગ્ન દરજ્જો એટલે કે વ્યકિત કુવારી છે, છૂટાછેડા કે વિધુર વિધવા છે, ત્યકતા છે વિગેરે અંગેની ચકાસણી કરવી જોઇએ.
» લાયકાત અને હોદ્દો પગાર, ઓફિસનું સરનામું. માલિકનું નામ અને લાયકાત વિગેરેની માહિતી આવશ્યક પણે મેળવવી જોઈએ.
» ઈમીગ્રેશન સંબંધિત સ્થિતિ, વિઝાનો પ્રકાર, વિદેશમાં રહેવા તથા પતિ-પત્ની તરીકેની પાત્રતા
» ભુતકાળમાં કોઈ ગુનો કર્યો છે કે નહી તેની ખાતરી કરવી.
» ખાસ કરીને ભાવિ પતિના દસ્તાવેજો ચકાસો.

NRI રીલેટેડ કાયદાકીય પ્રશ્નો જેમાં કોર્ટ મેટર થયેલ હોય તેવા કિસ્સા

સને-૨૦૧૬ એક દિકરીએ કેનેડા લગ્ન કરેલા અને લગ્ન બાદ કેનેડા ગઈ ત્યારે ત્યા ખબર પડી કે તેના પતિ અગાઉ એક નર્સ સાથે પરણેલા છે અને બંને સાથે રહે છે અને આ દિકરીએ માત્ર ઘરકામ કામ કરાવવાના હેતુ લગ્ન કરેલા. ત્યા દિકરીનો પાસપોર્ટ પણ પતિએ તેના કબજામાં રાખેલો. ફોન કે અન્ય કોઈ મિત્ર વર્તુળ કે સગા સબંધી ના હોવાથી બે વર્ષ દિકરીએ ખુબ ત્રાસ સહન કરેલો. ત્યારબાદ એક દિવસ તક મળતા તેને સુરત ખાતે માતાને ફોન કરીને હકીકત જણાવેલી જેથી માતાએ તેના ભાઈને કેનેડા ખાતે મોકલી, મહામુશીબતે દિકરીને પરત લાવેલા અને એડવોકેટ પ્રિતીબેન જોષી મારફતે ઘરેલું હિંસાનો કેસ કરતા ભરણપોષણની રકમ અને સ્ત્રીધાન પરત મળ્યું હતું.

PCAI PROPERTY CONSULTANTS ASSOCIATION OF INDIA VICE PRESIDENT
BHARTIYA PATRAKAR SANGH (BPS.) (REG. No. 55 - 2023) Gujarat State President
Jignesh Prafulkumar Joshi
Engineer, Journalist & Property Consultant
Joshi Associates
+ 91 ( 0 )98251 23535, 98251 40805
+91 (0) 261 - 489 50 10 & 27 33 007 jignesh.p.joshi.er@gmail.com




# દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી પાછું ખેંચાયું

**4 જૂનથી** 19 સપ્ટેમ્બર વચ્ચે દેશમાં 15 ટકાની દેશવ્યાપી વરસાદી ખાધ જોવા મળી

નવી દિલ્હી, તા. 19 (PTI) ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, શનિવાર સુધીમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી પાછું ખેંચાઈ ગયું છે.

હવામાન વિભાગે કહ્યું હતું કે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન રાજસ્થાનના વધુ કેટલાક ભાગો તથા પંજાબ, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાંથી વરસાદ પાછો ખેંચાવા માટેની પરિસ્થિતિ અનુકૂળ છે.

આઈએમડી એ એક નિવેદનમાં જણાવ્યું કે, "સામાન્ય તારીખ 17 સપ્ટેમ્બર સામે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આજે 19 સપ્ટેમ્બર, 2026ના રોજ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી પાછું ખેંચાઈ ગયું છે."

કેરળમાં તેની શરૂઆત 4 જૂનના રોજ થયા પછી 9 જુલાઈ સુધીમાં ભારત સંપૂર્ણપણે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા હેઠળ આવરી લેવામાં આવ્યું હતું.

164માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
'ગુજરાતમિત્ર'
ખૂબ ખૂબ અભિનંદન
એક શુભેચ્છક
DI-046